# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-08-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## દયાપરમાં 77 મા જિલ્લા કક્ષાના વન મહોત્સવનો પ્રારંભ

લખપત તાલુકાના દયાપર ખાતે ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની ઉપસ્થિતિમાં ૭૭મા જિલ્લા કક્ષાના વન મહોત્સવનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ "એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત નાગરિકોને એક વૃક્ષ વાવી તેનું જતન કરવા અનુરોધ કર્યો હતો.

અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહ જાડેજા અને કચ્છ વન વર્તૂળના વન સંરક્ષક ડૉ. ધીરજ મિત્તલે પર્યાવરણ જાગૃતિ અને હરિયાળા કચ્છના નિર્માણ પર ભાર મૂક્યો હતો. સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ચાલુ વર્ષે ૧૦ તાલુકાઓમાં ૩.૮૧ લાખથી વધુ રોપા વાવવાનું લક્ષ્યાંક રખાયું છે તેમજ મિયાવાંકી પદ્ધતિથી નવા ૧૪ 'વન કવચ' ઊભા કરાઈ રહ્યા છે. આ કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહાનુભાવોનું સન્માન કરાયું હતું અને મેડિકલ કેમ્પ યોજાયો હતો.

આ પ્રસંગે રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગાએ આ મુજબ કહ્યું...

(બાઇટ : ત્રિકમભાઇ છાંગા)

**------------------------------------------------------------------------------------------**

## ચાંદીપુરા વાયરસ સામે અટકાયતી કામગીરી

કચ્છમાં ચાંદીપુરા વાયરસ સામે સાવચેતીના ભાગરૂપે જિલ્લા કલેક્ટર, DDO તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ સઘન અટકાયતી કામગીરી હાથ ધરવામાં આવી છે.

અંજારમાં કેસ નોંધાતા બાળકના રહેણાંકની ૫૦૦ મીટર ત્રિજ્યામાં ડસ્ટિંગ અને ફોગિંગ કરી સેન્ડ ફ્લાયના નિયંત્રણ માટે દવાનો છંટકાવ કરાયો છે. આરોગ્ય ટીમોએ ૮૮૩ ઘરોની મુલાકાત લઈ ૩,૪૮૦ વસ્તીનું સર્વે કર્યું છે. રાજકોટની એન્ટમોલોજીકલ ટીમ દ્વારા નમૂનાઓ એકત્રિત કરી વધુ લેબોરેટરી પરીક્ષણ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવ્યા છે.

જિલ્લામાં ચાંદીપુરાના ૮ શંકાસ્પદ કેસમાંથી ૭ નેગેટિવ આવ્યા છે, ૧નું મૃત્યુ થયું છે અને ૩ દર્દીઓ સારવાર હેઠળ છે. જી.કે. જનરલ હોસ્પિટલ, તેમજ તમામ તાલુકા કક્ષાની હોસ્પિટલો ખાતે આરોગ્ય વ્યવસ્થા અને વેન્ટિલેટર સજ્જ પથારીઓ અનામત રાખવામાં આવી છે. PHC, CHC તથા અન્ય આરોગ્ય સંસ્થાઓ ખાતે જરૂરી દવાઓ, જીવનરક્ષક સાધનો અને આરોગ્ય સામગ્રીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે

તંત્ર દ્વારા વાલીઓને બાળકોને આખી બાંયના કપડાં પહેરાવવા અને ઝાડી-ઝાંખરાથી દૂર રાખવા અપીલ કરાઈ છે. તાવ કે ખેંચ જેવા લક્ષણો જણાય તો તાત્કાલિક હોસ્પિટલનો સંપર્ક કરવા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------

## રક્ષાબંધ પર્વ - કચ્છ

આવતીકાલે સમગ્ર દેશમાં ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને પવિત્ર સંબંધોના પ્રતિકસમા રક્ષાબંધન પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવશે. આ પાવન

અવસરે બહેનો પોતાના ભાઈના કાંડે રક્ષા સૂત્ર બાંધીને તેમના દીર્ઘાયુ અને ઉજ્જવળ ભવિષ્યની કામના કરશે.

આગામી તહેવારને લઈને બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. રંગબેરંગી રાખડીઓ, મીઠાઈઓ અને ગિફ્ટ આર્ટીકલ્સની દુકાનો પર ખરીદીનો ભારે ઉત્સાહ છે. બીજી તરફ, પરિવહનમાં મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે, જેથી સૌ કોઈ પોતાના પરિવારજનો સાથે આ પર્વ આનંદથી ઉજવી શકે.

--------------------------------------------------------------------------------

## બીએસએફ કેમ્પ ખાતે ‘સાંસદ સરહદ રક્ષાબંધ કાર્યક્રમ’

અબડાસા તાલુકાના અકરી બીએસએફ કેમ્પ ખાતે 'સાંસદ સરહદ રક્ષાબંધન' કાર્યક્રમ યોજાયો હતો. સાંસદ વિનોદ ચાવડા અને ભાજપ સંગઠનની બહેનોની ઉપસ્થિતિમાં કઠિન પરિસ્થિતિમાં દેશની રક્ષા કરતા જવાનો સાથે રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી કરાઈ હતી.

બહેનોએ જવાનોના કાંડા પર રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું હતું તેમજ દરેક જવાનને શાલ અને મીઠાઈનું બોક્સ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. સાંસદ વિનોદ ચાવડાએ જવાનોની અડગ દેશનિષ્ઠાને બિરદાવી હતી. કેમ્પના અધિકારીઓ દ્વારા મહેમાનોનું સ્વાગત કરાયું હતું.

--------------------------------------------------------------------------------

# મુન્દ્રાની કોલેજમાં એઇડ્સ જાગૃતિ કાર્યક્રમ

મુંદરાની કેનિયા એન્ડ એન્કરવાલા તથા એસ.સી.એચ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગુજરાત રાજ્ય એઇડ્સ નિયંત્રણ સોસાયટી અને આરોગ્ય વિભાગ દ્વારા એઇડ્સ જાગૃતિ અને વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો હતો.

કચ્છ જિલ્લામાં ચાલી રહેલા આ સઘન જનજાગૃતિ અભિયાન અંતર્ગત કોલેજમાં "મોબિલાઇઝેશન ફોર એઇડ્સ સુરક્ષા અને યુવાનોની ભૂમિકા" વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં વિજેતા વિદ્યાર્થીઓને ઇનામો અપાયા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ વ્યસનમુક્તિ અને એઇડ્સ સુરક્ષાની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી તેમજ નાટક દ્વારા વ્યસનનો નકારાત્મક પ્રભાવ દર્શાવી જાગૃતિનો સંદેશ અપાયો હતો.

---